આયુષની મદદથી કોવિડ-૧૯ અટકાયત માટે સારવાર અને રોગ પ્રતિકારક શકિત વધે તે માટે કોરોના વોરીયર્સની ટીમ બનાવવા બાબત.

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

ક્રમાંકઃએનસીવી./૧૦૨૦૨૦/એસ.એફ.૧/છ.

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૩.૪.૨૦૨૦

પરિપત્ર

વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસ COVID-19 ને WHO એ પેન્ડેમીક જાહેર કરેલ છે. ભારત સરકારના આરોગ્ય મંત્રાલય, આયુષ મંત્રાલયઅને રાજય સરકારની ગાઇડલાઇન અનુસાર રાજયમાં આ રોગને અટકાવવા વિવિધ પગલાંઓ હાથ ધરવામાં આવેલ છે.

કોરોના વાયરસના કારણે સંક્રમીત વ્યકિતના કોન્ટેકટ ટ્રેસીંગ બાદ કવોરેન્ટાઇન કરાયેલ વ્યકિતઓને તેમની અનુમતિ બાદ સારવાર માટે તથા રોગપ્રતિકારક શકિત વધારવા માટે આયુષની દવાનો ઉપયોગ કરવામાં આવે છે અને તેના હકારાત્મક પરીણામો પણ મળેલ છે. ઉપરાંત રાજય ભરમાં આયુષની ટીમો ધ્વારા શેરીએ શેરીએ લોકોને તથા ફરજ બજાવતા પોલીસ સ્ટાફને ઉકાળા વિતરણ, સંશમનીવટી તથા આર્સેનીક આલ્બ.-30 નું વિતરણ કરેલ છે.

અમદાવાદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ગામ દીઠ પાંચ કોરોના યોધ્ધાઓ- સ્વયંસવેકો ધ્વારા ગામની કોમોરબીડ અને વૃધ્ધ વ્યકિતઓનું લિસ્ટ બનાવવામાં આવેલ છે. આ યોધ્ધાઓ ધ્વારા આરોગ્ય ટીમની મદદથી વૃધ્ધો અને કોમોરબીડ વ્યકિતઓની કાળજી પણ લેવામાં આવી રહી છે.જે પ્રશંસનીય છે. આ માળખું રાજયના તમામ જિલ્લાઓના ગ્રામણી અને શહેરી વિસ્તારોમાં પણ અપનાવવામાં આવે તે જરૂરી છે.

આથી રાજયના તમામ જિલ્લાના ગામડાઓમાં અને શહેરી વિસ્તારમાં વસ્તી પ્રમાણે દરેક ચાલી/પોળ/ફલેટ/સોસાયટી/વસાહતો માટે જરૂરીયાત મુજબના એક થી પાંચ વ્યકિતઓની "કોરોના યોધ્ધા" ટીમ તેમના વિસ્તારના વૃધ્ધ અને કોમોરબીડ વ્યકિતઓની યાદી બનાવે ઉપરાંત પ્રિવેન્ટીવ કેર મેનેજમેન્ટ, દવાઓ, Arsenic Album 30 ટેબ્લેટનું વિતરણ, આર્યુવેદીક ઉકાળા, તથા Hydroxychloroquine ટેબ્લેટ [તજજ્ઞની સલાહ બાદ પુખ્ત વયની વ્યકિત માટે ૪૦૦ મિલીગ્રામ તથા સગીર માટે ૨૦૦ મિલીગ્રામની એક ટેબલેટ અઠવાડીયામાં એક વાર તથા હૃદય રોગના દર્દીઓએ આ

બાબતે તજજ્ઞની સલાહ અચૂક મેળવવાની રહેશે.]નું તથા જરૂરી આયુષ દવાઓનું વિતરણ થાય તે જિલ્લા તંત્ર ધ્વારા સુનિશ્ચિત કરવાનું રહેશે.

દરેક જિલ્લા તંત્રએ પોતાના જિલ્લામાં આવેલ આયુષ દવાખાના/આયુષ હોસ્પિટલોની યાદી મુજબ તબીબો ધ્વારા જરૂરી આયુષ દવાઓ ઉકાળાઓ પુરા પાડવામાં કોરોના યોધ્ધાઓની મદદ લઇ દવાઓનું વિતરણ અસરકારક રીતે કરવાનું રહેશે અને મ્યુનિસિપલ વિસ્તારોમાં વહીવટી તંત્રએ જિલ્લા આયુષ અધિકારીશ્રીઓ તથા આર્યુવેદિક કોલેજો/હોસ્પિટલોના વડાની સાથે મળી આયુષ ડાંકટરો અને કોરોના યોધ્ધાઓએ સાથે રહી આ કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.કુરેશી)
સંયુકત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- મિશન ડાયરેકટરશ્રી, નેશનલ હેલ્થ મિશન, કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેકટરશ્રી, જી.એમ.એસ.સી.એલ. ગાંધીનગર.
- નિયામકશ્રી(આયુષ), આયુષની કચેરી, બ્લોક નં.૧, બીજો માળ, ડાં.જીવરાજ મહેતા ભવન,
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- આચાર્યશ્રી,આર્યુવેદ કોલેજો (તમામ) /હોમિયોપેથી કોલેજ,દેથળી
- જિલ્લા આર્યુવેદ અધિકારીશ્રી (તમામ)
- વિભાગની છ, છ.૧ શાખા વધુ પ્રચાર અને જરૂરી સુચના આપવા વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારીશ્રી, સીલેકટર ફાઇલ
- સિલેક્ટ ફાઇલ.